અમિત શાહને પખવાડિક રિપોર્ટીંગથી મુક્તિ

ટ્રાયલના તબક્કા દરમિયાન કોઈ પણ સાક્ષીને ધમકી આપવા અથવા વર્ચસ્વ જમાવવાના સ્વરૂપમાં દરમિયાનગીરીના આક્ષેપો થયા જ નથી : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી,તા. ૧૨

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસમાં આરોપી પૈકીના એક અને ભાજપના વરિષ્ઠનેતા અમિત શાહને દર બીજા શનિવારે સીબીઆઈ સમક્ષ રિપોર્ટીંગ કરવાથી આજે મુક્તિ આપી દીધી હતી. અમિત શાહે કરેલી રજુઆત બાદ સુપ્રીમ કોર્ટે આ રાહત આપી દીધી હતી. ૨૭મી સપ્ટેમ્બરના દિવસે આપવામાં આવેલા સુપ્રીમ કોર્ટના આદેશમાં સુધારો કરીને ચીફ જસ્ટિસ પી શથાશિવમ અને જસ્ટિસ રંજના દેસાઈની બનેલી બેંચે જણાવ્યુ હતુ કે ટ્રાયલના કોઈ પણ તબક્કા દરમિયાન અમિત શાહ દ્વારા કોઈ પણ સાક્ષીઓ અથવા અન્યોને ધમકી આપવાનો અથવા તો તેમના પર વર્ચસ્વ જમાવવાના તેમના સ્વરૂપમાં દરમિયાનગીરીના કોઈ પણ આક્ષેપો કરાયા નથી. સીબીઆઈને રિપોર્ટીંગ કરવામાંથી અમિતશાહને મુક્તિ આપતા કોર્ટે કહ્યુ હતુ કે ગુજરાતમાં પ્રવેશ કરવા અમિત શાહને મંજુરી આપવા સાથે સંબંધિત વર્ષ ૨૦૧૨ના આદેશમાં જે બાબતો હતી તે યથાવત રહેશે. ભાજપના જનરલ સેક્રેટરી અને ઉત્તરપ્રદેશ જેવા મોટા રાજ્યમાં ભાજપના ઈન્ચાર્જ અમિત શાહે એવી રજુઆત કરી હતી કે કેટલીક શરતોના કારણે તેમને તકલીફ પડી રહી હતી. અમિત શાહે દર બીજા શનિવારે સીબીઆઈ સમક્ષ રીપોર્ટીંગ કરવાના તેના આદેશમાં સુધારો કરવાની માંગ કરીને સુપ્રીમમાં અપીલ કરી હતી. અમિત શાહે એવી રજુઆત કરી હતી કે આ શરતમાં

સુધારા કરવા પાછળ તેમનો હેતુ ટ્રાયલના સમયે તેમની ઉપસ્થિતિ રહેશે. સુપ્રીમ કોર્ટે તમામ બાબતોની નોંધ લીધી હતી. અરજીમાં જણાવવામાં આવ્યુ હતુ કે તેઓ ન્યાયથી ભાગી રહ્યા છે અથવા તો કાયદાનો સામનો કરવા તૈયાર નથી તે બાબત દેખાતી નથી. ૨૬મી નવેમ્બર ૨૦૦૫ના દિવસે પોલીસ કસ્ટડીમાં સોહરાબુદ્દીન શેખ માર્યો ગયો હતો તે વખતે અમિત શાહ ગુજરાતના ગૃહપ્રધાન તરીકે હતા. ગુજરાતમાં પ્રવેશ કરવાની અમિત શાહને મંજુરી મળી ગયા બાદ કેટલીક શરતો તેના પર લાદવામાં આવી હતી જેના ભાગરૂપે જ દર બીજા શનિવારના દિવસે સીબીઆઈ ઓફિસમાં રીપોર્ટ કરવા તેમને કહેવામાં આવ્યું હતુ. સોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસમાં ટ્રાયલને મુંબઈ સીફ્ટ કરવામાં આવ્યા બાદ અમિત શાહ પર કેટલાક સમય સુધી ગુજરાત પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો જો કે તેમને ચોક્કસ શરતો બાદ ગુજરાતમાં પ્રવેશ કરવાની મંજુરી મળી ગઈ હતી. જસ્ટિસ આફતાબઅલમ (નિવૃત્ત થયા બાદથી) અને જસ્ટિસ દેસાઈની બેંચે અમિત શાહ પર લાદવામાં આવેલું નિયંત્રણ ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે ઉઠાવી લેવામાં આવ્યો હતો અને દર બીજા શનિવારે સીબીઆઈ સમક્ષ રીપોર્ટ કરવા સૂચના આપવામાં આવી હતી. અમિત શાહને તાજેતરમાં જ ભાજપ દ્વારા ઉત્તર પ્રદેશમાં પક્ષને મજબૂત કરવાની મોટી જવાબદારી સોંપવામાં આવી હતી.

ડીસામાં ફુડ વિભાગની ટીમ દ્વારા અખાદ્ય જથ્થાનો નાશ કરાયો

ડીસા, તા. ૧૨

ડીસામાં ખાણીપીણીની લારીઓ અને રેસ્ટોરેન્ટ હોટલો અનેક આવેલી છે. અને શહેરીજનો પણ ચટાકેદાર વાનગીઓના શોખીન હોવાથી મોટી સંખ્યામાં લોકો બહારનો નાસ્તો આરોગતા હોય છે. જેમાં ખાસ કરીને મહિલાઓને પકોડી પ્રિય હોય છે. પકોડીની લારીઓ પર ખાસ કરીને મહિલાઓની ભીડ વધુ જોવા મળતી હોય છે. પકોડી તો શહેરીજનો બિન્દાસ ખાતા હોય છે. કારણ કે, તેનું વેચાણ કરતાં લોકો ચટાકેદાર મસાલા નાંખીને તેને સ્વાદિષ્ટ બનાવતાં હોય છે. પરંતુ આ પકોડીમાં સારી કોલેટીની વસ્તુ વપરાય છે કે નહી તેની શહેરીજનોને કોઈજ ખબર હોતી નથી. ત્યારે રૂપિયા કમાવાની લ્હાયમાં કેટલાક લોકો સડેલા બટાકા અને હલકી ગુણવત્તાવાળા મસાલાઓ વાપરીને સહેરીજનોના આરોગ્ય સાથે ચેંડા કરી રહ્યા છે અને હાલમાં ચોમાસુ ચાલતુ હોવાથી રોગચાળો ફેલાવવાની શક્યતાઓ વધુ હોવાથી આ બાબતે ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસર હેમંત પટેલ અને પ્રમુખ ડૉક્ટર તેજલબેન પટેલની સુચનાથી આજરોજ ફુડ શાખાના સુરેશભાઈ ગેલોત, કિશોરભાઈ સોલંકી સહિતની પાલીકાની ટીમે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ ખાણીપીણીની લારીઓ રેસ્ટોરેન્ટ અને હોટલોમાં ઓચિંતી તપાસ હાથ ધરીને લારીઓ પરથી ખુલ્લો અખાદ્ય નાસ્તો, પાણી પુરીની લારીઓ પરથી સડેલા બટાકા સહિત અન્ય અખાદ્ય ચીજ વસ્તુઓનો જથ્થો જપ્ત કરીને નાશ કરાયો હતો અને લોકોના આરોગ્ય સાથે ચેંડા કરતાં વેપારીઓ પાસેથી દંડ પણ વસુલ કરાયો હતો. પાલીકાની આ કાર્યવાહીથી અખાદ્ય અને વાસી નાસ્તાનું વેચાણ કરતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ અંગે પાલિકાની ફુડ શાખાના સુરેશભાઈ ગેલોતે વધુ માહિતી આપતા આ કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

તલોદમાં ઘર ફોડીયા તસ્કરોનો ત્રાસ

તલોદ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર અને અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધંધાદારી ઘરફોડીયા તસ્કરોએ માથું ઊંચકીને તલોદ પોલીસને ઉપરાછાપરી પડકાર ફેંકયા હોય તેવું તલોદ ખાતેની એક સોસાયટીમાંથી રૂ. ૧ લાખથી વધુની કિંમતના એક જ રાતમાં બે બાઈકની થયેલ ચોરીની ઘટનાએ પુરવાર કરી બતાવ્યું છે જે સોસાયટીમાં તલોદ પોલીસ સબ ઈન્સ્પેટર અને તલોદની નામદાર કોર્ટના સિવિલ જજ શ્રીનું પણ નિવાસસ્થાન આવેલ છે.

ગત તા. ૨૩ જુલાઈ ૨૦૧૩ના રોજ મધ્યરાત્રી બાદ તલોદ ખાતે હિંમતનગર (સાબરડેરી) રોડ માર્ગ ઉપર આવેલ કેશવ બંગલા પંથકને વાહનચોર તસ્કરોની ટોળકીએ નિશાન બનાવી રૂ. ૧ લાખથી વધુની કિંમતના કુલ ૨ બાઈકની ચોરી કરી લઈ જવામાં સફળતા મેળવી હતી. આમ થતાં શાંતિપ્રિય માહોલના આવાસોમાં પરિવારો સાથે વસતી પ્રજાની ઊંઘ હરામ થઈ ગઈ છે. લગભગ ૩૦ જેટલા મકાનો અહિં કેશવ બંગલાની સ્કીમમાં વસવાટ કરે છે જે પૈકીના બંગલા નં. ૧૫માં રહેતા પ્રફુલસિંહ કાનસિંહ ઝાલાના મકાનના કંપાઉન્ડમાં સ્ટીયરીંગ લોક કરીને પાર્ક કરેલ હિરો હોન્ડા સ્ટ્રોનર બાઈક નં. જીજે-૯-સીસી ૯૩૪૭ કે.જે. બ્લેક કલરનું હતું તે કોઈક તસ્કરો રાત્રે ઉઠાવી ગયા હતા અને જતાં જતાં કંપાઉન્ડનો દરવાજો વ્યવસ્થિત બંધ પણ કરતા ગયા હતા. તે જ દિવસે રાત્રે આ કેશવ બંગલા સોસાયટીના બંગલા નં. ૨૫માં રહેતા કિરણભાઈ પટેલનું હિરો કંપનીનું નવું નક્કોર પેશન પ્રો બાઈક કે જે સિલ્વર કલરનું અને આરટીઓ પાસીંગ કર્યા વિનાનું હતું તે પણ આવેલ તસ્કરો ઉઠાવી ગયા હતા આમ એક જ રાતમાં મધ્ય રાત્રી બાદ ત્રાટકેલા ભારે ચાલબાજ અને ધંધાધારી ભમાસતા તસ્કરી ઈસમોએ એક સાથે બે બે બાઈકની ચોરી કરીને લઈ જવામાં સફળતા મેળવીને જાણે કે તલોદ પોલીસને ફરી એકવાર જોરદાર પડકાર ફેંકયો છે.

આ સોસાયટીમાં રહેતા અને બાઈકચોરની ઘટનાનો ભોગ બનેલા પરિવારોએ સવારે જાગીને જોયું ત્યારે જ ખબર પડી હતી કે પોતાના મકાનના કંપાઉન્ડમાં જ પાર્ક કરી લોક કરી રહેલ બાઈક કોઈક બદમાશ તસ્કરો ઉઠાવી ગયા છે. આમ થતાં ભારે વ્યથાની લાગણી ઉદભવી હતી અને 'પોલીસની સલાહ મુજબ' જાણવા જોગ ફરિયાદ કરવામાં આવી હતી. બાઈક માલિક પરિવારો અને પોલીસે બાઈક કે તેના ઉઠાવગીરોની તપાસમાં સફળતા ન મેળવતાં આખરે ૧૦ દિવસ બાદ તલોદ પોલીસ દફતરે એફઆઈઆર દર્જ કરવા/કરાવવાની ફરજ પડી હતી.

તલોદ પોલીસની અસામાજીક તત્વો ઉપર ધાક રહી નથી અને પોલીસ કંઈ ભડાકા કરી લેવાની નથી તેવી માનસિકતા ધરાવતા લે ભાગુ તત્ત્વોએ પોલીસને લાંછન લગાવવાની ઘટનાઓને અંજામ આપી તસ્કરી તરખાટ જારી રાખેલ છે. ઉકત બાઈક ચોરની ઘટનાના તસ્કરોએ જે કેશવ બંગલા સોસાયટીમાં વાહનચોરીઓને સફળ અંજામ આપ્યો છે તે સોસાયટીના બંગલા નં.૧માં તલોદ પો.સ.ઈન્સ. રહે છે અને બંગલા નં. ૨માં તલોદની નામદાર કોર્ટના વિદ્વાન સિવિલ જજશ્રી રહે છે..!!

પોલીસનો ડર ઘરફોડીયા તસ્કરો કે ઉઠાવીરોને નથી રહ્યો તેની સાબિતી માટે ઉકત ઘટના અને ઘટનાસ્થળ એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડે છે.

ખેડબ્રહ્મા અરવલ્લી જિલ્લાનું વડુ મથક રાખવા આવેદનપત્ર અપાયુ

અરવલ્લી જિલ્લાનું વડુ મથક ખેડબ્રહ્મા જ રાખવા માટે ખેડબ્રહ્માના વેપારી મહામંડળના આગેવાનો તેમજ સ્થાનિક નગરજનો દ્વારા જિલ્લાના પ્રાંત અધિકારીને આવેદન પત્ર સોંપવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય વિધાનસભાની ચૂંટણી અગાઉ સાબરકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવો અરવલ્લી જિલ્લો બનાવવાની જાહેરાત મુખ્યમંત્રીએ કરેલી અને એટલા જ માટે જિલ્લાનું વડુમથક ખેડબ્રહ્મા બનાવવા માટે ખેડબ્રહ્માના વેપારી મહામંડળ અને નગરપાલિકાના સભ્યો દ્વારા પ્રાંત અધિકારીને ગત રોજ આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

ડીસા પોલીસે બે જુગારીયાઓને પકડીને શ્રાવણ માસનો પ્રારંભ કર્યો

ડીસા, તા. ૧૨

પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતા જ લોકો શિવજીની ભક્તિમાં રંગાઈ ગયા છે અને શિવજીને વિવિધ અભિષેકો કરીને તેમની પૂજા અર્ચના કરી રહ્યા છે. ત્યારે આ પવિત્ર શ્રાવણ માસમાં કેટલાક શકુનીયો મોટા પાયે તિન પત્તી જુગાર રમવામાં વ્યસ્ત બની ગયા છે. જેથી શહેરમાં ઠેર ઠેર જુગાર રમાઈ રહ્યો છે ત્યારે ગતરોજ સાંજે દક્ષિણ પોલીસ વિભાગની ટીમે બે જુગારીયાઓને ઝડપી શ્રાવણ માસનો પ્રારંભ કર્યો છે. આ બનાવની વિગત એવી છે કે, ડીસા દક્ષિણ પોલીસમથકના પી.આઈ. કે.ડી. નકુમને ખાનગી બાતમી મળી હતી કે, બે શખ્સ ખુલ્લામાં તીન પત્તી જુગાર રમી રહ્યા છે. જેથી તાત્કાલિક પી.આઈ. એ પોતાની ટીમના મણીલાલ, કેળવભાઈ, સહિતના સ્ટાફ સાથે ડીસા શહેરની ચામુંડા સોસાયટી પાસે રેડ કરીને ખુલ્લામાં તીન પત્તીનો જુગાર રમતા બે શકુનીયોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જેમાં જયેશ દેવકિશનભાઈ ખત્રી અને નરેશ બાબુલાલ કહાર બંને રહે ભોઈવાસ ડીસાવાળાની અટકાયત કરી તેમની પાસેથી ૬ હજાર ૪૪૦ રોકડા, ૧૫૦૦ રૂપિયાના બે મોબાઈલ ફોન અને ૩૫ હજારનું એક્ટીવા જપ્ત કરીને બંને ઈસમો સામે જુગારધામ એક્ટ મુજબનો ગુનો દાખલ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

A|ÔFS]DFZLh4 UF\WLGUZGF ;\RF1,SF ZFHIMULGL S{,FXNLNLHL 5ZD15TF 1XJ 5ZDF\DFGL IFNDF\ 5LPVF.PzL H[P0LP58[, ;FC[AG[51J+IFGL ;]RS ZFB0L AF\WL 5ZDF\DFGF JZNFGM VG[X1ST 5|NFG SZL ZCIF K[P

શબ્દાવલી - ૫૧૪૮



આડી ચાવી

૧. પડપુછ, ચર્ચા તપાસ (૪)
૪. રહેઠાણ, નિવાસ (૩)
૬. ચઢે તો આખે વૈકુંઠ... ગીરે તો ચકનાચુર (૨)
૭. ... થઈ જવું, ગભરાઈ જવું (૪)
૮. મૃત્યુ વખતે ગવાતા ગીત (૪)
૧૧. સાવકુ (૪)
૧૩. મૃત્યુનો શોક, ... મનાવવો (૩)
૧૫. ભીની નહી તેવી (૫)
૧૬. કાપડના ગોળ વીંટા (૨)
૧૮. શૂરવીરતા, બહાદુરી (૩)
૨૧. ગોઠવણ (૪)
૨૨. પારકુ (૩)

ઊભી ચાવી

૧. પરાકાષ્ઠા (૫)
૨. ભૂલ (૩)
૩. યુરોપની પૂર્વે એશિયાનો ઉત્તરનો વિશાળ પ્રદેશ (૩)
૪. નવી શોધ કરવી, ... કરવો (૪)
૫. અ'વાદથી...ચ-૩ થઈ સચિવાલય જવાય (૨)
૯. જુલમ (૩)
૧૦. નાની રોટલી (૩)
૧૧. જમ્યા પછી તૃપ્ત થયાનો અવાજ (૪)
૧૨. નિર્દોષ, નિરપરાધી (૩)
૧૪. મોકો (૨)
૧૬. માદળીયું (૩)
૧૭. હરાવવું, ... કરવું (૨)
૧૯. ગરમી, ઉકળાટ (૨)
૨૦. પવન, પંચતત્ત્વમાંનું એક (૨)

શબ્દાવલી ૫૧૪૭ના જવાબ

આડી ચાવી :- (૧) સ્વરૂપવાન (૫) સાપ (૭) માખણ (૮) ખડ (૯) નસ (૧૦) વારણા (૧૧) દહેશત (૧૫) ફરજ (૧૭) તપકીર (૨૦) રંક (૨૧) બરકત (૨૪) જડભરત (૨૫) કઢી

ઊભી ચાવી :- (૧) સ્વમાન (૨) રૂખસદ (૩) પણ (૪) નફરત (૫) સાખ (૬) પડતી (૧૦) વાશ (૧૨) હેડકી (૧૩) હાર (૧૪) શતરંજ (૧૫) ફરક (૧૬) જડ (૧૮) પકડ (૧૯) રબર (૨૨) રત (૨૩) તક

ભાજપના વિવિધ સેલની આવતીકાલે સંયુક્ત બેઠક

આવતીકાલે ભાજપના નવરચિત ૩૦ સેલના પ્રદેશ કન્વીનરશ્રીઓની એક સંયુક્ત બેઠક પ્રદેશ કાર્યાલય ખાતે વિવિધ સેલના પ્રદેશ સંયોજક ડૉ. અનિલ પટેલ અને વિવિધ સેલના રાષ્ટ્રીય સંયોજક શ્રી મહેન્દ્રકુમાર પોંડની ઉપસ્થિતિમાં યોજાશે. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભિખુભાઈ દલસાણિયા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે તેમ મીડીયા કન્વીનર ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું છે.

તલોદ કોલેજમાં સ્વાતંત્ર્ય પર્વ ઉજવાશે

તલોદ, તા.૧૨

તલોદ શહેરની શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ તેમજ શ્રીમતી એસ.એમ. પંચાલ સાયન્સ કોલેજ ખાતે ૬૭મા 'સ્વાતંત્ર્ય દિન'ની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૧૫ ઓગષ્ટ ૨૦૧૩ને ૬૭માં સ્વાતંત્ર પર્વ નિમિત્તે ધ્વજવંદન પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના વરદ હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે એન.સી.સી. કેડેટસ, એન.એસ.એસ.ના સ્વયંસેવકો, કોલેજના પ્રિન્સીપાલ, પ્રોફેસર, કર્મચારીગણ, અગ્રણીઓ, વિદ્યાર્થીમંડળના હોદ્દેદારો, વેપારીગણ વગેરે ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજને સલામી આપશે. કોલેજના કમ્પાઉન્ડમાં સવારે ૯-૦૦ વાગે ધ્વજવંદન બાદ ડૉ. એસ.સી. પરીખ અને ડૉ. જે.સી. પટેલ વિદ્યાર્થીગણને જીવન ઉપયોગી માર્ગદર્શન પુરું પાડશે.

વાવ વિસ્તારમાં ચાલી રહયો છે આરોગ્યનો અનોખો સેવા યજ્ઞ

ટડાવ બાદ જેલાણા ગામે યોજાયો નિ:શુલ્ક નિદાન અને સારવાર કેમ્પ

વાવ જેવા છેવાડાના અને સરહદી વિસ્તારમાં ચોમાસા દરમ્યાન જોવા મળતા વાયરલ અને રોગને કારણે લોકોને રોગનું ચોકકસ નિદાન કરીને સમયસર અને જરૂરીયાત મુજબ સારવાર મળે તે માટે આ વિસ્તારના ધારાસભ્ય એક અનોખો સેવા યજ્ઞ ચલાવી રહયા છે. વાવ તાલુકાના ટડાવ ગામે નિ:શુલ્ક મેડીકલ સારવાર અને નિદાન કેમ્પના આયોજન બાદ ગત રોજ જેલાણા ગામે પણ આવાજ એક નિ:શુલ્ક મેડીકલ ચેકઅપ અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે 1000 જેટલા દર્દીઓના આરોગ્યની તપાસણી કરીને જરૂરી સારવાર આપવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી ડા.આચાર્ય સહીત બનાસકાંઠા અને રાધનપુરના કુલ ૧૫ ડાકટરોએ નિ:શુલ્ક સેવાઓ આપીને આ સેવા યજ્ઞને યાદગાર બનાવ્યો હતો. જેમાં થરા સી.એચ.સી. અધીક્ષકશ્રી ડા.ભરતભાઈ ચૌધરી, હૃદયરોગ નિષ્ણાંત ડા.હીરજી પટેલ, કાન–નાક–ગળાના સર્જન ડા.હલ્પેશ સુથાર, ગાયનેક ડા.રમેશ ચૌધરી, બી.એચ.ઓ. ડા.જયપાલ, ડા.વિક્રમભાઈ દરજી, ડા.વિપુલ પટેલ, ડા.સુરેશ ચૌધરી, ગાયનેક ડા.દેવજી પટેલ, ડા.હિમાંશુ શાહ, ડા.પ્રકાશ શાહ, રૈયા મેડીકલ ઓફિસર ડા.મુકેશ પટેલ, ઢીમા અને મોરવાડાના મેડીકલ ઓફિસર સહીત વિવિધ ડાકટરોએ ખડે પગે રહીને દર્દીઓની રોગની ચકાસણી કરીને જરૂરી સારવાર પણ આપી હતી.

અસરકારક પગલા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શહેરમાં આવતા ડહોળા પાણીની સમસ્યા અંગે પણ ચર્ચા થઈ હોવાનું જાણવા મળેલ છે. જો કે પાણીના ક્લોરીનેશન ટેસ્ટમાં તેમજ બાયોલોજીકલ ટેસ્ટમાં ક્યાંય ઉણપ હોવાનું જણાયુ નહિ હોવાથી તંત્રે રાહતનો દમ લીધો છે.

શહેરમાં પાણીજન્ય રોગચાળાના કેસો છુટા છવાયા મળ્યા છે એટલે નિયમિતરીતે તેના ક્લોરીનેશનના ટેસ્ટ લેવાય તે જોવા પણ કલેક્ટરશ્રીએ જણાવ્યું છે.

દરમ્યાન આજે શહેરમાંથી વધુ ૩ જેટલા ડેન્ગ્યુના કેસો મળ્યા છે જેમાં સે. ૨૪, ૨૨ અને સે. ૩ના કેસો હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા મળી આવેલા આ કેસોના રહેઠાણ અને તેની આસપાસના વિસ્તારોમાં એન્ટી લારવેલની કામગીરી કરી દેવામાં આવી છે.

વરસાદના યોગ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૨૬માં રાજપુતાના-માળવા અને મધ્યપ્રાંતનું હવાનું દબાણ ઉત્તરપૂર્વ મધ્ય ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગમાં પણ વરસાદના યોગો કરે. કેટલાક ભાગોમાં ભારે વરસાદના યોગો કરે. દેશના મધ્ય ભાગમાં ઉદભવતી લો-પ્રેશરની સિસ્ટમથી આબુ અને વિધ્ય વિસ્તારોમાં ભારે વરસાદના યોગ કરે. કચ્છ-રાજસ્થાનમાં વરસાદ થાય. ધરોઈ ડેમની જળસપાટી વધે અને સાબરમતીમાં પાણી આવે. વળી ગુજરાત સંલગ્ન મહારાષ્ટ્રના ભાગમાં નદીઓના સ્ત્રાવ વિસ્તારમાં અતિ ભારે વરસાદની વકી રહે. આથી નદીઓના જળ સ્તરમાં વધારો થાય. દક્ષિણ ગુજરાત અને પશ્ચિમ રાસ્થાનમાં પણ ભારે વરસાદના યોગો રહે. મઘાનક્ષત્રનું આ પાણી કૃષિ પાકો માટે ઉત્તમ ગણાય છે. વળી મઘા નક્ષત્ર ચોમાસુ મધ્યમાં આવતું હોવાથી ભારે વરસાદનું પાણી જમીનમાં ઉતરતા તે પછી રવિ મોસમમાં વવાતા પાકો માટે ભેજ સંગ્રાહી રહેતા સાનુકુળ રહે છે. આ આગાહી કૃષિ લક્ષી છે. અને જળ સંચય સંબંધી છે. ઉત્પાત સંબંધી નથી.

પોલીસનો સપાટો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કુલ રૂ. ૧,૧૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેમજ એલસીબી પોલીસે પણ વાસી ઈદ મનાવવા સેક્ટર-૨૮માં આવેલા ગાર્ડનમાં ખુલ્લા વિસ્તારમાં જુદા જુદા બે સ્થળોએથી જુગાર રમતા મોહમંદ રફીક કડીયા (રાણીપ અમદાવાદ), જાવેદ મહેમુદખાન પઠાણ (સાહીબાગ), ઈમરાન બદરૂદ્દીન ખાનુજીવાલા (અમદાવાદ), વાહીદ નુરમહમ્મદ મનસુરી (નુરબાઈની ચાલી) તથા અન્ય એક સ્થળેથી સલમાનહુસેન અનવરહુસેન શેખ (શાહપુર), હારુન હુસેન અલ્લારખા શેખ (પેથાપુર), મોહમદ સમશેર ઉસ્માન શેખ (રહે. કાલુપુર), જાવેદ યાકુબ શેખ (પેથાપુર) અને ઈમરાનહુશેન મહેમુદભાઈ શેખ (રહે. કાલુપુર) તમામ જુગારીયાઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને કુલ રૂ. ૨૬૯૧૦ નો જુગાર કબજે કર્યો હતો. આમ પોલીસ કુલ એક જ દિવસમાં જુગારીયાઓ પર સપાટો બોલાવી દીધો હતો અને રૂ. ૨.૫૦ લાખ સુધીનો જુગાર જપ્ત કર્યો હતો. તમામ જુગારીયાઓ સામે જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નિવિદા નં. એસડી/૫ સને ૨૦૧૩-૧૪

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી **કાર્યપાલક ઈજનેરશ્રી, નવરંગપુરા (મા અને મ) વિભાગ, બ્લોક-એ, ૪થો માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર સરકારી વસાહત પાસે, ડ્રાઈવ-ઈન રોડ, અમદાવાદ-૫૨ (ફોન : ૨૭૯૨૨૪૫૫)**ની કચેરીએથી અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેશનની હદમાં દુકાન/શો રૂમ ધરાવતા તેમજ **બ્લીચીંગ પાવડર અને ક્લોરીન ટેબ્લેટ** સપ્લાયના ઉત્પાદક કે વિકેતાઓ પાસેથી અંદાજીત રકમ રૂ. ૪.૧૯ લાખનું 'પી' ફોર્મમાં ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામનું ટેન્ડર **www.rnb.nprocure.com** ઉપર તા. ૨૬/૮/૨૦૧૩ સમય ૧૮.૦૦ કલાક સુધી અપલોડ/ડાઉનલોડ કરી શકાશે.

સદર કામની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસબોર્ડ ઉપરાંત માહિતી ખાતાની વેબસાઈટ **www.statetenders.com** ઉપરથી જોઈ શકાશે. વધુ માહિતી માટે રસ ધરાવતા ઠેકેદારશ્રીઓએ ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસ દરમિયાન રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે.

ક્રમાંક/સંમાગિ/અઘદ/૦૦૯/૨૦૧૩